# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જુનાગઢ જીલ્લો, જુનાગઢ
## સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૩(૧)બી હેઠળનું જાહેરનામું

નં.એમએજી/સી/૨૪૧૨/૧/૨૦૧૯ તા. ૨૪/૧૨/૨૦૧૯

## -:: જાહેરનામુ ::-

જુનાગઢ જિલ્લામાં જુનાગઢ તાલુકામાં પસાર થતા જેતપુર-સોમનાથ નેશનલ હાઈવે રોડ પર (કિ.મી. ૨૯+૫૫૦ થી૩૭+૨૦૦ ) આશરે મધુરમ બાયપાસ ચોકડી થી ધોરાજી બાયપાસ ચોકડી સુધી એન.એચ. ૮-ડી ઉપર કન્સ્ટ્રકશન વર્ક માટે સરળતા રહે તે માટે ઉકત રોડ પરથી વાહન અન્ય રૂટ પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા(પીઆઈયુ), સોમનાથના પત્ર ક્રમાંક : એનએચએઆઈ / પીઆઈયુ-સોમનાથ / જેત- સોમ / ઓ એન્ડ એમ / વોલ-૮ / એફ-૧૦૬ / ડી-૨૧૦૩, તા.૦૩/૧૨/૨૦૧૯ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત અન્વયે પત્ર વ્યવહારના અંતે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક: સીબી-૪/૧૩૯/૨૫૪૧૨/૧૯, તા.૨૪/૧૨/૨૦૧૯ થી જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે અને વૈકલ્પિક રૂટ સુચવવામાં આવેલ છે.

સદરહુ દરખાસ્ત વાહન ચાલકો અને જાહેર જનતાની સલામતી અને ટ્રાફિક નિયમન માટે, વ્યાજબી જણાતી હોય, હું ડૉ. સૌરભ પારધી , આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જૂનાગઢ સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) તા.૨૫/૧૨/૨૦૧૯ થી તા.૨૨/૦૨/૨૦૨૦ સુધી જેતપુર-સોમનાથ નેશનલ હાઈવેના જુનાગઢ બાયપાસ રોડ પર (કિ.મી. ૨૯+૫૫૦ થી૩૭+૨૦૦ ) મધુરમ બાયપાસ ચોકડી થી ધોરાજી બાયપાસ ચોકડી સુધી એન.એચ. ૮-ડી ઉપર તમામ પ્રકારના વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) તા.૨૫/૧૨/૨૦૧૯ થી તા.૨૨/૦૨/૨૦૨૦ સુધી રાજકોટ અને વેરાવળ-સોમનાથ હાઈવે તરફથી આવતા ૧૦ વ્હીલ ઉપરના તમામ ભારે વાહનોની અવર-જવર સવારના કલાક ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વગ્યા સુધી જુનાગઢ શહેર વિસ્તારમાંથી પ્રવેશબંધી ફરમાવું છું.

(૩) તા.૨૫/૧૨/૨૦૧૯ થી તા.૨૨/૦૨/૨૦૨૦ સુધી રાજકોટ તરફથી આવતા ૧૦ વ્હીલ ઉપરના તમામ ભારે વાહનો સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૨૨-૦૦ સુધી નેશનલ હાઈવે પર વડાલ ગામે આવેલ ક્રિષ્ના હોટલથી આગળ પ્રવેશ કરી શકશે નહી. વેરાવળ-સોમનાથ હાઈવે તરફથી

આવતા ૧૦ વ્હીલ ઉપરના તમામ ભારે વાહનો સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૨૨-૦૦ સુધી વંથલી નેશનલ હાઈવે પર કોયલી ફાટકથી આગળ પ્રવેશ કરી શકશે નહી.

(૪) તા.૨૫/૧૨/૨૦૧૯ થી તા.૨૨/૦૨/૨૦૨૦ સુધી રાજકોટ તથા વેરાવળ-સોમનાથ તરફથી આવતા ૧૦ વ્હીલના કે તેની નાના તમામ વાહનો જુનાગઢ શહેર વિસ્તારમાંથી પ્રવેશ કરી શકશે.

(૫) આ સમય દરમ્યાન રાહદારી કે વાહન ચાલકને નુકશાન ન થાય તે માટે લાગતા વળગતા પોઈન્ટ ઉપર ડાયવર્ઝનના સાઈનીંગ બોર્ડ (દિશા સૂચક બોર્ડ) તથા બન્ને બાજુ બેરીકેટ મુકવાની વ્યવસ્થા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા,(પીઆઈયુ) સોમનાથએ કરવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ જાહેરનામું આજરોજ તા. ૨૪ માહે-ડિસેમ્બર-૨૦૧૯ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

(ડૉ. સૌરભ પારધી)
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જૂનાગઢ

**<u>નકલ રવાના :-</u>**

૧) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.
જાહેરનામાની વધારાની ૧૦-નકલો આ સાથે સામેલ છે. તો આપના તાબાના સંબંધકર્તા પોલીસ ઈન્સપેકટર/સબ ઈન્સ્પેકટરશ્રીઓને મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધી કરવા તથા પ્રસિધ્ધીનો દાખલો દફતરે રાખવા તથા જાહેરનામાની અમલવારી કરાવવા અર્થે જાહેરનામુ પ્રસિધ્ધ કરી તેનુ રોજકામ કચેરીના રેકર્ડ પર રાખવા અર્થે.

૨) કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ.

૩) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ.

૪) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ.

૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.

૬) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, જુનાગઢ.

૭) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. જુનાગઢ.

૮) મામલતદારશ્રી, જુનાગઢ (શહેર)/ જુનાગઢ(ગ્રામ્ય)

૯) તાલુકા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ.
– આ જાહેરનામાની પ્રસિધ્ધી કરી તેનું રોજકામ કચેરીના રેકર્ડ પર રાખી જાહેરનામાની અમલવારી માટે ઘટતુ કરવા વિનંતી છે.

૧૦) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, જુનાગઢ.
આ જાહેરનામાની વિગતે દૈનિક વર્તમાન પત્રોમાં પ્રેસનોટ તરીકે વિનામુલ્યે વ્હેલાસર પ્રસિધ્ધ કરવા અર્થે.

૧૧) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
હુકમની નકલ આ સાથે સામેલ છે તો તેનું ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધી કરવા અને તેની પાંચ નકલો તુર્ત અત્રેની કચેરીને રેકર્ડ માટે મોકલી આપવા વિનંતી છે.

૧૨) કચેરીની રેકર્ડ શાખા :– સરકારી પ્રેસ રાજકોટ પાસેથી સરકારી ગેઝેટ મેળવી રેકર્ડ પર રાખવા અર્થે.

<u>નકલ</u> :–

(૧) પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા (પીઆઈયુ), સોમનાથ
– જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

(૨) પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન, ૭૩/એ, સહાજનંદ શોપીંગ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ – જાણ તથા બહોળી પ્રસિધ્ધી થવા સારૂ.

(૩) આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.

૨) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જુનાગઢ વિભાગ, જુનાગઢ

જીલ્લા મેજીસ્ટ્રેટ
सत्यमेव जयते
જુનાગઢ જીલ્લો જુનાગઢ

AGTTA
DT. : 1/1/2018
File No. : 20